Extra No. 181

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **WEDNESDAY, JULY 08, 2026 / ASADHA 17, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે

જાહેરનામુ

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૧૨/૨૦૨૬.-આગામી . તા. ૨૬-૨૭/૦૬/૨૦૨૬ ના રાજ મુસ્લીમ ધર્મના મહોરમ-તાજીયાના તહેવારની ઉજવણી - થનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૧૮/૦૬/૨૦૨૬ થી Sતા.૦૨/૦૭/૨૦૨૬ સુધી (બંન્ને દિવસે સુધ્ધાંતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, - આણંદનાઓએ તેમના તા.૧૪/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય / જાહેરનામુ/૧૫૪૧/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તા.૧૮/૦૬/૨૦૨૬ થી તા.૦૨/૦૭/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :

સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો:

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનને સમાવેશ થાય છે.

અપવાદ:

આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજ રોજ તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૧૩/૨૦૨૬.-વિદ્યાનગર પો.સ્ટે. જાવક નંબર ૧૧૮૦/૨૦૨૬ તા.૧૫/૬/૨૬ થી જણાવ્યા અનુસાર ગઈ તા. ૧૪/૦૫/૨૦૨૬ ક.૨૩/૩૦ આસપાસ બી.બી.આઈ.ટી. પોલિટેકનીકલ કોલેજની બિલ્ડીંગનો એક ભાગ જેના ગ્રાઉન્ડ ફલોર ઉપર ફોલસ (પી.ઓ.પી.) સીલીંગનું કામકાજ ચાલુ હોય, બિલ્ડીંગ ધરાશયી થયેલ તમામ પ્રકારનો કાટમાળ સંપુર્ણ પણે હટાવેલ ના હોય તેમજ હાલમાં કાટમાળ ખસેડવાની કામગીરી ચાલુમાં છે. તેમજ સદર કાટમાળ ખસેડવાની કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે સારૂ લાગુ પડતા રોડ બેરીકેટીંગ કરાવી બંધ કરવામાં આવેલ છે. જે રોડ સંપુર્ણ પણે ખુલ્લો રાખવામાં આવે તો કોઈ અનિચ્છનીય બનાવ બને તે વાત નકારી શકાય નહિ. જેથી તા.૧૭/૦૬/૨૦૨૬ થી ૧૬/૦૭/૨૦૨૬ સુધી કાટમાળ હટી ના જાય ત્યાં સુધી રોડ બંધ રખાવી ડાયવર્ઝન આપવા તથા કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન સારૂ નીચે મુજબના રૂટ બંધ કરી ડાયવર્ઝન રૂટ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૧૬/૦૬/૨૦૨૬ના પત્ર નં.એલઆઈબી/વિદ્યાનગર/રોડ ડાયવર્ઝન/જાહેરનામુ/૧૫૫૪/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૧૭/૦૬/૨૦૨૬ થી તા.૧૬/૦૭/૨૦૨૬ સુધી વી.વી.સી.સી. બેંક સામેથી બી.બી.આઈ.ટી. કોલેજ ગેટ સુધીના રોડ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરુ છું.

રૂટ નં.૧-

વી.વી.સી.સી. બેંક સામેથી બી.બી.આઈ.ટી. કોલેજ ગેટ સુધીનો રોડ

ડાયવર્ઝન રૂટ:-

વી.વી.સી.સી. બેંક સામેથી બી.બી.આઈ.ટી. કોલેજ ગેટ રોડ પર જતાં તમામ વાહનો મોટા બજર ચોકડી થી લક્ષ્મીપાન થી ટરમીનલ ચોકડી તરફ આવી તેમજ જઈ શકશે.

ડાયવર્ઝન રૂટ:-

વી.વી.સી.સી. બેંક સામેથી બી.બી.આઈ.ટી. કોલેજ ગેટ રોડ પર જતાં તમામ વાહનો મોટા બજર ચોકડી થી લક્ષ્મીપાનથી કાકા પાન તરફ આવી તેમજ જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર પોલીસ અધિક્ષકશ્રીનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૧૪/૨૦૨૬.-રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, નવી દિલ્હી ધ્વાસ NEET (UG)-2026 Re-Examination ની પરીક્ષા આગામી તા.૨૧/૦૬/૨૦૨૬ રવિવાર ના રોજ યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સચિવશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્હીના તા.૦૬/૦૬/૨૦૬ના પત્ર નં.D.O.No. F-24/1/2025-NTA-Part(1), D.O.No.F-24/1/2025-TEL, તા.૦૬/૦૬/૨૦૨૬.D.O.No.F-24/1/2025-TEL, તા. ૧૫/૦૫/૨૦૨૬ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૧/૦૬/૨૦૨૬ રવિવાર ના રોજ બપોરના ૧૩:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમિયાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રેંકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમિયાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમિયાન બપોરના ૧૩:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજ બજાવતાં સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમિયાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, નવી દિલ્હી ધ્વારા NEET (UG)-2026 Re-Examination માટે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

NEET (UG)-2026 Re-Examination

CC_NAME	CC_DESIGNATION	CC_MOBILE No.	CC_EMAIL ID
RAJESH TRIVEDI	PRINCIPAL	9413018454	kvvvnagar@rediffmail.com

SR. NO.	CITY CODE CENTRE No.	CITY NAME/CENTRE NAME	CS Name	Mobile	Email	Allotted Capacity
1	2202101	DN HIGH SCHOOL ANAND	SH. GIRISH KUMAR D PATEL	9228741424	DNHSPRINCIPAL@GMAIL.COM	480
	2202102	KASTURBA KANYA VIDYALAYA	SMT. NIRALIBENJ KHANDELWAL	8320811299	PRINCIPALKKV@GMAIL.COM	480
3	2202103	SARDAR PATEL UNIVERSITY, VVNAGAR	DR. VIJAY KUMAR K PARMAR	9898650531	HEAD_PHARMA@SPUVVN.E DU	460
4	2202104	ANAND HIGH SCHOOL	RANA KRUNAL RAMANBHAI	9898264626	anandhighschool@gmail.com	360
5	2202105	SARDAR VALLABHBHAI PATEL HIGH SCHOOL	YOGESH PATEL	9909211913	svpatelhighschoolanand@g mail.com	288
6	2202106	TV PATEL HIGHER SECONDARY	MR. AMITKUMAR BHATT	9427238540	tvphscvvn@gmail.com	240

આજ તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ:

ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ -૩૩ (૧) (ફ) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૫/૨૦૨૬.-કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૪, ગુજરાત બટાલીયન, એન.સી.સી.,વલ્લભ વિદ્યાનગરનાઓને તેમના તા.૦૧/૦૬/૨૦૨૬ ના પત્રથી તા.૧૫/૦૬/૨૦૨૬ થી તા.૨૪/૦૬/૨૦૨૬ સુધી એન.સી.સી. લીડરશીપ એકેડમી,નાવલી તા.જી.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૧૭/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક: સીબી-૫/ફાયરીંગ જાહેરનામું/૧૧૬૩૬/૨૬ થી જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

સબબ હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ(રૂરલ) પો.સ્ટે.ની હદમાં આવેલ એન.સી.સી. લીડરશીપ એકેડમી નાવલી, તા.જિ.આણંદ (એક કિલોમીટર) વિસ્તારમાં તા.૧૯/૦૬/૨૦૨૬ થી તા.૨૪/૦૬/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૬/૨૦૨૬.-આણંદ જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ સરકારી કચેરીમાં ગેરકાયદેસર એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા(એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આથી બિન-અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અટકાવવા દરખાસ્ત કરેલ છે.

જેથી આવી પ્રવૃતિ અટકાવવા સારૂ જિલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને જિલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાની હદ વિસ્તારમાં આવતી તમામ સરકારી કચેરીઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પાડવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓએ તમામ સરકારી કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા. ૨૬/૦૬/૨૦૨૬ થી તા.૨૫/૦૭/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર:

આણંદ જિલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાનો વિસ્તાર

શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છું.

મે આજરોજ તા.૨૦/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૭/૨૦૨૬.-આણંદ પો.સ્ટે. વિસ્તારમાં આગામી તા.૨૫-૨૬/૦૬/૨૦૨૬ ના રોજ મહોરમ-તાજીયાના તહેવારની ઉજવણી થનાર હોય. આ તહેવારમાં મુસ્લિમ બિરાદરો દ્વારા તાજીયા કાઢવામાં આવતા હોય જે તાજીયા સામરખા ચોકડીથી સામરખા ભાલેજ ઓવરબ્રીજ થઈ ગોયા તળાવ ખાતે જતા હોઈ જે તાજીયા દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબના રૂટ ઉપર તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ કતલની રાત્રે ક.૨૦/૦૦ થી તા.૨૬/૦૬/૨૦૨૬ ના ક.૦૨/૦૦ સુધી તેમજ તા.૨૬/૦૬/૨૦૨૬ ના રોજ મહોરમ (તાજીયા ઝુલુસ) તહેવાર દરમ્યાન ક.૧૩/૦૦ થી ક.૨૨/૦૦ સુધી રૂટ ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.એલ.આઈ.બી/મહોરમ/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/૧૫૮૫/૨૦૨૬ તા.૨૦/૦૬/૨૦૨૬ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ કતલની રાત્રે ક.૨૦/૦૦ થી તા.૨૬/૦૬/૨૦૨૬ ના ક.૦૨/૦૦ સુધી તેમજ તા.૨૬/૦૬/૨૦૨૬ ના રોજ મહોરમ (તાજીયા ઝુલુસ) તહેવાર દરમ્યાન ક.૧૩/૦૦ થી ક.૨૨/૦૦ સુધી પ્રવેશબંધી કરી નીચે જણાવ્યા મુજબના રૂટ પર ડાયવર્ટ કરવા માટે હુકમ કરુ છું.

ડાયવર્ટેડ રૂટઃ-

(૧) આણંદ નવા બસ સ્ટેન્ડ ગોયા તળાવ થી સામરખા ચોકડી તરફ જતા વાહનો આણંદ નવા બસ સ્ટેન્ડ થી ગ્રીડ ચોકડી થઈ લોટીયા ભાગોળ ઓવરબ્રીજ થઈ ગણેશ ચોકડી ચીખોદ્રા ચોકડી થઈ સામરખા ચોકડી તરફ જશે.

(૨) સામરખા ચોકડી થી આણંદ નવા બસ સ્ટેન્ડ તરફ પ્રવેશતા વાહનો સામરખા ચોકડી થી ચીખોદ્રા એકડી થઈ ગણેશ ચોકડી થઈ આણંદમાં પ્રવેશ કરશે.

(૩) જુના દાદર થી ગુજરાતી ચોક, મહાવિર માર્ગ, મહેન્દ્રશાહ હોસ્પિટલ તરફ જતા વાહનો જુના દાદરથી લક્ષ્મી ચાર રસ્તા, પાયોનીયર હાઈસ્કૂલ તરફ થઈને જશે.

(૪) આણંદ ૮૦ ફૂટ રોડ તથા સંકેત ચાર રસ્તા તરફથી અટલ ચોક ૧૦૦ ફૂટ રોડ થઈ સામરખા ચોકડી તરફ જતા વાહનો- આણંદ ગ્રીડ ચોકડી થઈ લોટીયા ભાગોળ ઓવરબ્રીજ થઈ ગણેશ ચોકડી ચીખોદ્રા ચોકડી થઈ સામરખા ચોકડી તરફ જશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૮/૨૦૨૬.-ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા જાહેરાત ક્ર.૦૭/૨૦૨૬-૨૭, જુનિયર ફાર્માસિસ્ટ વર્ગ૩ સંવર્ગની સીધી ભરતીની MCQ-CBRT (Computer Based Recruitment Test)ની પરીક્ષા આગામી તા.૨૪/૦૬/૨૦૨૬ના રોજ યોજાનાર છે. જે અન્વયે અત્રેના જિલ્લામાં દર્શ ઈન્ફોટેક, ૩૦૭થી ૩૧૪, ત્રીજો માળ, સીગ્મા કોમ્પ્લેક્ષ, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, ડી-માર્ટની ઉપર, વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ-૩૮૮૧૨૦, સીપી પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, એસ એસ પટેલ આર્ટસ કોલેજ સર્કલ પાસે, સરદાર પટેલ ઓવરબ્રીજ, આણંદ-૩૮૮૦૦૧ તથા આણંદ મર્કન્ટાઈલ કોલેજ ઓફ સાયન્સ મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર ટેકનોલોજી, નવા બસસ્ટેન્ડ પાસે, ભાલેજ રોડ, મુ.તા.જિ.આણંદ ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે માન સચિવશ્રી, ગુજરાત સેવા પસંદગી મંડળ, - ગાંધીનગરના તા.૧૯/૦૬/૨૦૨૬ના પત્ર નં.આરબી.૧/સ્પર્ધાત્મક પરીક્ષા/DG/૨૮૯૧ થી ૨૯૦૨થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ દરમિયાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૩:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમિયાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૩:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજ બજાવતાં સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા જાહેરાત ક્ર.૦૭/૨૦૨૬-૨૭, જુનિયર ફાર્માસિસ્ટ વર્ગ૩ સંવર્ગની સીધી ભરતીની MCQ-CBRT (Computer Based Recruitment Test) માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાં ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ,,

આજે તા.૨૨ /૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી અન્વયેનો હુકમ

નં.એમએજી/૨/જાહેરનામા/એસ.આર./૧૧૯/૨૦૨૬.-નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક આણંદ ના પત્ર નં. મુ.મ/ટ્રાફીક/જાહેરનામા/૧૧૮૨/૨૦૨૬ તા.૨૨/૦૬/૨૦૨૬ થી મળેલ દરખાસ્ત મુજબ આણંદ શહેર તથા વિદ્યાનગર શહેર વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ અંગે ટ્રાફીકની સરળતા અને સુચારૂ ટ્રાફીક માટે નીચે મુજબના સ્થળો "નો પાર્કિંગ ઝોન", "વન-વે","વાહન પાર્કીંગ","ભારે વાહન પ્રવેશ બંધ" જાહેર કરવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક આણંદના ઉકત પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૬/૨૦૨૬ થી તા.૨૩/૦૭/૨૦૨૬ (દિન-૬૦) સુધી નીચે જણાવેલ સ્થળો “નો પાર્કિંગ ઝોન”,”વન-વે","વાહન પાર્કીંગ","ભારે વાહન પ્રવેશ બંધ” જાહેર કરવા હુકમ કરૂ છું.

વાહન પાર્કિંગ એકી- બેકી પાર્કિંગ :-

(૧) ગુરૂદ્વારા સર્કલ થી ડી-માર્ટ, તુલસી ગરનાળા સુધી ફોર વ્હીલ વાહનો પાર્ક થઈ શકશે.

(૨) મોટી શાક માર્કેટ તરફના રોડ ઉપર ટુ-વ્હીલર પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૩) રેલ્વે સ્ટેશનનાં બહાર નિકળવાના ગેટ પાસે રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૪) નવા બસ સ્ટેશનના ખુલ્લા ગેટની સામેના રોડ ઉપર વાહન પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૫) બેઠક મંદિરવાળા રોડના કોર્નરમાં રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૬) નવા બસ સ્ટેશનના ગેટની સામેના ભાગે આવેલ સરદાર બાગની દિવાલને અડીને રીક્ષા પાર્ક થઈ શકશે. (નિયત સંખ્યામાં).

(૭) રેલ્વે ગોદી થી ગામડી વડ સુધીનો રોડ (એકી-બેકી પાર્કીંગ)

(૮) શાસ્ત્રી મેદાનથી એન. એસ. પટેલ સર્કલ સુધી (એકી-બેકી પાર્કીંગ)

નો પાર્કિંગ ઝોન :-

(૧) ટુંકી ગલી સુપર માર્કેટના બંન્ને તરફના રોડ ઉપર કોઈપણ વાહન પાર્ક કરવા નહીં.જે (નો-પાર્કીંગ ઝોન જાહેર કરવો)

(૨) રેલ્વે સ્ટેશન જુના દાદર થી ૫૦ મીટર વિસ્તાર.

(૩) ગુજરાતી ચોક આસપાસ ૫૦ મીટર વિસ્તાર

(૪) રેલ્વે ગોદીના દરવાજાની બહાર રોડ ઉપર ૫૦ મીટર વિસ્તાર.

(૫) રેલ્વે ગોદીની બહાર નિકળતા વીટકોસ બસ સ્ટેન્ડ સુધી ૫૦ મીટર વિસ્તાર.

(૬) નવા બસ સ્ટેશનના બંને દરવાજાની બહાર ૫૦ મીટર વિસ્તાર.

(૭) નગરપાલિકા સરકારી દવાખાના દરવાજાની બહારનો ૫૦ મીટર વિસ્તાર.

(૮) અમુલ ડેરી ખાતે આવેલ પાર્લરના આગળના ૫૦ મીટર વિસ્તારમાં ફોર વ્હીલ વાહન પાર્ક થઈ શકશે નહીં.

(૯) મોટી શાક માર્કેટના દરવાજાની બહારના રોડ ઉપર ફોર વ્હીલ પાર્ક થઈ શકશે નહી.

ભારેવાહન પ્રવેશ બંધ :-

(૧) મહેન્દ્ર શાહ થી ગુજરાતી ચોક તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૨) એન.એસ.સર્કલ થી લક્ષ્મી ચોકડી તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૩) રઘુવીર સીટી સેન્ટર થી કોમ્યુનીટી હોલ તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૪) દિપ સર્કલથી બેઠક મંદિર તથા કલ્પના સીનેમા તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૫) નવા બસ સ્ટેન્ડ થી બેઠક મંદીર તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૬) લોટીયા ભાગોળ સર્કલ થી ટાવર બજાર તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

(૭) અમુલ ડેરી સર્કલ થી રેલ્વે સ્ટેશન તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો.

સમય :-

સમય સવારના ૦૯.૦૦ થી રાત્રિના ૨૦,૦૦ કલાક દરમ્યાન.

અપવાદ :-

સરકારી વાહનો, પ્રવાસી બસો, એમ્બ્યુલન્સ વાન તથા ફાયબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન, વન-વે ઝોન, એકી-બેકી તથા નો પાર્કિંગ ઝોનવાળા સ્થળોએ બોર્ડ લગાવવાની અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૨૦/૨૦૨૬.-આગામી તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૩/૦૭/૨૦૨૬ થી તા.૧૭/૦૭/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૨૯/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૧૬૨૪/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ - ૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાના હદ વિસ્તારમાં આવતા સામેલ યાદી મુજબના નદી, તળાવો, નહેર, દરિયા, તથા જળાશયોમાં કોઈપણ વ્યક્તિ / વ્યક્તિ સમૂહો / પ્રવાસીઓના પ્રવેશ કરવા પર તથા પરવાનગી વગર બોટીંગ પ્રવૃત્તિ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તા.૨૯/૦૬/૨૦૨૬ થી તા.૨૮/૦૭/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર: આણંદ જિલ્લાના હદ વિસ્તારના સામેલ યાદી મુજબના તમામ નદી, તળાવ, નહેર, દરિયા, જળાશયો.

શિક્ષા : આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૨૧/૨૦૨૬.-આગામી તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૩/૦૭/૨૦૨૬ થી તા.૧૭/૦૭/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૨૯/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૧૬૨૪/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું લલિતકુમાર એ.પટેલ (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તા.૦૩/૦૭/૨૦૨૬ થી તા.૧૭/૦૭/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :

સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો:

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ:

આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજ રોજ તા. ૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 17:24:46 IST